647510 **0101201E1042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
# March/April - 2023 (OLD COURSE)
# GUJ. P4 : SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-1)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

**પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.** **(૧૪)**

સિધ્ધાંત અને વ્યવહાર વચ્ચે હંમેશા ઘણુ અંતર રહે છે. આ જગત અનેક વિસંવાદોથી ભરેલું છે. એ વિસંવાદોને આ કે તે વિચાર વ્યવસ્થાથી દૂર કર્યાનો દાવો જમાને જમાને કરવામાં આવે છે, પણ આવા દાવા પરિસ્થિતિને વધારે વિસંગત બનાવે છે. અધિકૃત વાસ્તવિકતા અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચે સંઘર્ષ તો ચાલ્યા જ કરશે. આવા ધૂંધળા હવામાનમાં સ્થિર દ્રષ્ટીએ જોનારા કવિની જરૂર છે. એનું કામ ખોટી હૈયાધારણ આપવાનું નથી. એ તો જમાનાની બધી સિન્થેટિક બનાવટ જેવી જ પુરવાર થાય એવું બને.

**- સુરેશ હ. જોશી**

**અથવા**

**પ્રશ્ન.૧** કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોનાં સિધ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તો તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિધ્ધાંતો કહી બતાવતો નથી, પણ પાત્રો અને વૃત્તાંતોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે, ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિધ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિધ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ભાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે. **- રમણભાઇ નીલકંઠ**

**પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** **(૧૪)**

મનુષ્ય માત્રનો પોતાનો પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્રેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરોબર પાળે તો જગતમાં કોઇ મદદ વિના દુ:ખી ન થાય પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે, એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન જગતની સેવા બીજી રીતે અશક્ય છે. જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરો કરે છે, તે સ્વેચ્છાચારી છે, સ્વછંદી છે, તે કેવળ પોતાને જ સારું જીવે છે. જેને મન આખુ જગત કુંટુંબ છે, તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઇએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઈ શકે.

**અથવા**

**પ્રશ્ન.૨** સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફે છે. પરિણામે એકને સંતોષને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતું નથી, તેને કશું જ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય તો તેમાંથી થતી બચત એ જ તમારી મિલકત ગણાય, સમયની બાબત પણ એવી જ છે, તેની બચત એ જ કમાણી છે. નવો સમય કોઇને મળી શક્તો નથી એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થાય. તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગા થાય એ પછી શું ન કરી શકે? એ ધારે તે કરી શકે. **- મોહમ્મદ માંકડ**

**પ્રશ્ન.3** વિરામચિન્હો એટલે શું? સમજાવી તેના વિશે વિસ્તૃત ચર્ચા કરો. **(૧૪)**

**અથવા**

**પ્રશ્ન.3** નીચેના વાક્યોમાં વિરામચિન્હો મૂકી ફરીથી લખો. (કોઇપણ સાત)

1. બેટા હીરબાઇ આંહી આવતી રહે
2. ખેલ ખલાસ થયો ભેગા થયેલા લોકો વીખરાઇ ગયા.
3. ગાંધીજીએ કહ્યું ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે.
4. માડી પછેડી લાવ્ય ગાંસડી બાંધીએ
5. કાઠીઓમાં આ કઢીચટ્ટાપણું ક્યારથી પેઠું ભાઇ
6. વાહ ધન્ય છે તારી ટેકને
7. તમે મારી વાત સાંભળો છે કે
8. ગિરનાર જાણે કે પ્રકૃતિનું રૂપ
9. તું કેટલો લેવાઇ ગયો છે ઓળખાતોય નથી.
10. ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગ તમે વાંચી છે

**પ્રશ્ન.૪** સમાસ એટલે શું? તે સમજાવી કર્મધારય અને દ્વંદ્વ સમાસ વિશે લખો. **(૧૪)**

**અથવા**

**પ્રશ્ન.૪** નીચેનામાંથી કોઇપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

૧) હારજીત ૨) પ્રેમવશ ૩) રેખાચિત્ર ૪) પીતાંબર ૫) સંસારસાગર ૬) મેઘગંભીર

૭) ત્રિભુવન ૮) મહાબાહુ ૯) ગજાનન ૧૦) પાણીપંથો

**પ્રશ્ન.૫** નીચેના આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય બનાવો. **(૧૪)**

1. કાંટો કાઢવો
2. કોણીએ ગોળ લગાડવો.
3. કાન ફૂંકવા
4. ખોળો પાથરવો
5. ટાપસી પૂરવી
6. જીવ ચકડોળે ચઢવો.
7. ઠંડે પાણીએ નાહી નાખવું

**અથવા**

**પ્રશ્ન.૫** નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો.

1. બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા
2. દીવા પાછળ અંધારું
3. જર, જમીન ને જોરુ, ત્રણે કજિયાના છોરું
4. મોરનાં ઈંડા ચીતરવાં ન પડે
5. રાત થોડીને વેશ ઝાઝા
6. ઉતાવળે આંબા ના પાકે
7. ગાજ્યા મેહ વરસે નહિ

*****************************